# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા પેટ્રોલ, ડીઝલ તથા ઓઇલ ના સતત અને તીવ્ર ગતિએ વધી રહેલા ભાવના તાત્કાલિક નિરાકરણ અંગે કેન્દ્રીય પેટ્રોલિમ મંત્રી, નાણાંમંત્રી તથા PMO ઓફિસે ભારપૂર્વક કરવામાં આવેલ રજુઆત....

કોવિદ-૧૯ ની મહામારી અને આનુસંગીક લાગુ કરાયેલ લોકડાઉનના કારણે વેપાર-ઉદ્યોગકારો તથા પ્રજાજનો ઉપર વિપરીત અસર પડેલ છે. વૈશ્વિક મંદી તથા લોકડાઉનનો આકરો પ્રહાર સહન કરી તેમાંથી ઉજાગર થવા લોકો ઝઝુમી રહયા છે. ત્યારે આવા કપરા સમય દરમ્યાન સમગ્ર દેશમાં હવે પેટ્રોલ-ડિઝલ અને ઓઈલના ભાવ વધારાનો આકરો ડામ મળ્યો છે.

આંતરરાષ્ટ્રીય  સ્તરે બજારમાં ક્રુડનો ભાવ ઘટયો હોવા છતા પેટ્રોલ-ડિઝલમાં દિન-પ્રતિદીન ભાવ વધી રહેલ છે. જે ખુબ જ અન્યાય કરતા છે. અને ડિઝલમાં પણ ભાવ વધારાના કારણે હાલ ઔદ્યોગીક એકમોને કાચામાલના ઉત્પાદનમાં ભાવ વધારો તથા ટ્રાન્સપોર્ટેશન પણ મોંઘુ બની ગયેલ છે. જેથી ઔદ્યોગીક એકમો માટે ખુબ જ આર્થીક નુકશાન કરતા  છે.

આમ દેશમાં દિન-પ્રતિદીન પેટ્રોલ, ડિઝલ તથા ઓઈલના તીવ્ર ગતીએ વધી રહેલ ભાવના તાત્કાલીક નિરાકરણ કરવા અંગે કેન્દ્રીય પેટ્રોલીયમમંત્રી, ફાઈનાન્સ મિનીસ્ટર તથા PMO ઓફિસને ભારપુર્વક રજુઆત કરી ઉગ્ર વિરોધ નોંધાવેલ છે.